નં–જિપં/જિશિસ/મકમ–૩/ખા.શા/૧૨૫૪–૫૫/૧૦
જિલ્લા શિક્ષણ સમિતિ,
જિલ્લા પંચાયત,ગાંધીનગર
તા.૨૯/૩/૧૦

પ્રતિ,
મેનેજીંગ ટ્રસ્ટશ્રી,
પોદાર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટસ ટ્રસ્ટ સંચાલિત
પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ, સોપાન હાઈટ્સ ની સામે,
સ્પીગવેલી પાર્ટી હોલ ની સામે.ન્યુ સી.જી.રોડ,ચાંદખેડા

વિષય:–૨૦૧૦–૧૧ ના શૈક્ષણિક વર્ષ થી નવીન ખાનગી પ્રાથમિક શાળા/ઉપલા ધોરણો/વધારા ના વર્ગો શરૂ કરવાની મંજુરી અંગે.

સંદર્ભ :–(૧) પોદાર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટસ ટ્રસ્ટ સંચાલિત પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ નામથી ૨૦૧૦–૧૧ ના શૈક્ષણિક વર્ષ થી ખાનગી પ્રા.શાળા ની મંજુરી માટેની / ઉપલા ધોરણો/વધારા ના વર્ગો શરૂ કરવાની અરજી તા.૩૧–૧૨–૦૯

(૨) માન.નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ નો સદર બાબતનો પત્ર ક્રમાંક–પ્રાશિનિ/ખ–૨ / માન્યતા/૬૩૩–૮૫/૧૦ તા.૯–૩–૧૦

(૩)આ કચેરી ના તાલુકા/બીટ કે.નિ શ્રી,અડાલજ ની અરજી ચકાસણી અંગે ની નોંધો અને ભલામણો

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ–૧ માં નિર્દેશ કરેલ અરજી અન્વયે સંદર્ભ–૩ માં નિર્દેશ કરેલ અધિકૃત અધિકારીની ઉક્ત અરજી ની ચકાસણી અંગેની વિશેષ નોંધો અને ભલામણો સબબ સંદર્ભ–૨ થી મળેલ સુચના મુજબ વિચારણા કરીને સંદર્ભ–૧ માં નિર્દેશ કરેલ ટ્રસ્ટ ની શાળા ને <u>અંગ્રેજી</u> માધ્યમ <u>ધોરણ–૧ થી ૪</u> નવી શાળા જુન–૨૦૧૦ થી પ્રાથમિક શિક્ષણ આપવા માટે શરૂ કરવા માટે મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ૧૯૪૭ અને તે હેઠળ ના નિયમો ની જોગવાઈઓ પ્રમાણે અનુદાન નહિં મેળવવાની શરતે આ સાથે જોડેલ અનુસૂચિ–૧ ની શરતો તેમજ નીચે જણાવેલ શરતો નું પાલન કરવાની શરતે જુન–૨૦૧૦ થી માન્ય ખાનગી પ્રા.શાળા તરીકે મંજુરી આપવામાં આવે છે.

શરતો :–

(૧) ફાયર સેફટી તથા બીયુ પરમીશન રજુ કરવાની શરતે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત,ગાંધીનગર

નકલ જાણ અર્થે રવાના–
નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ,જુના સચિવાલય,ગુ.રાજય,ગાંધીનગર

PODAR INTERNATIONAL SCHOOL
BEHIND VITTHAL COMPLEX, OPP. TRISHALA COMPLEX, NEW C. G. ROAD, CHANDKHEDA, AHMEDABAD 382424
PHONE NO.. 079-23972894

11 June 2021

Principal
Podar International School
New C. G. Road, Chandkheda,
Ahmedabad.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ક્રમાંક:અપલ-૧૧૧૦-૩૬૨-પ્રા.શા/અપીલ સેલ,
સચિવાલય,ગાંધીનગર.
તા.30-0૪-૨૦૧૦.

<u>આમુખ:</u>

શ્રી પોદાર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટસ ટ્રસ્ટ, પોદાર સેન્ટર, ૮૫, ચમરબાગ પોષ્ટ ઑફીસ લેઇન, ડૉ.
આંબેડકર રોડ,પરેલ,મુંબઇ દ્વારા પોદાર ઇન્ટરનેશનલ સ્કુલના નામથી સોપાન હાઇટસની સામે, સ્પ્રીંગવેલી
પાર્ટીહોલની સામે, ન્યુ સી.જી.રોડ,ચાંદખેડા, જી.ગાંધીનગર ખાતે નવી પ્રાથમિક શાળા સને ૨૦૧૦-૨૦૧૧ ના
શૈક્ષણિક વર્ષથી અંગ્રેજી માધ્યમ માં ધોરણ-૧ થી ધોરણ-૭ ના એક એક વર્ગથી શરૂ કરવાની મંજૂરી જીલ્લા
પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, ગાંધીનગર પાસે માંગવા જરૂરી દરખાસ્ત રજુ કરવામાં આવી હતી. જિલ્લા
પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, ગાંધીનગરના તા.૨૯-03-૨૦૧૦ના ક્રમાંક: જિપં/જિશિસ/મકમ-3/
ખા.શા./૧૨૫૪-૫૫/૧૦ થી આ દરખાસ્તની વિચારણા કરીને તેમાં જણાવેલી શરતોએ ધોરણ-૧ થી ધોરણ-
૪ ના એક એક વર્ગથી નવી પ્રાથમિક શાળા શરૂ કરવા મંજુરી આપી છે.

૨. આ નિર્ણયથી નારાજ થઇ સંસ્થાએ મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૪૦(ક)(૪)
ને મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૪૦(ક)(૮) સાથે વાંચતા કલમ ૪૦(ક)(૮) હેઠળ
નિયુક્ત અપીલ અધિકારી સમક્ષ અપીલ કરેલ હતી.

3. આ અપીલની સુનાવણી તા.૧૯-0૪-૨૦૧૦ ના રોજ રાખવામાં આવેલ જેમાં સંસ્થાના પ્રતિનિધિ
હાજર રહ્યા હતા અને જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, ગાંધીનગરના પ્રતિનિધિ હાજર રહ્યા હતા.

૪. અપીલ અરજીમાં સંસ્થાએ લેખિત રજુઆત કરી હતી કે ગુણવત્તાયુક્ત અદ્યતન સઘન પ્રાથમિક
શિક્ષણની અનિવાર્ય જરુરીયાત ધરાવતા ગ્રામ્ય વિસ્તારના ચાંદખેડા ગામે સંસ્થા પાસે અદ્યતન મુક્ત
સુવિધા, વાતાનુકૂલિત વર્ગ ખંડો, પીવા માટે અદ્યતન શુધ્ધ ઠંડા પાણીની વ્યવસ્થા, અદ્યતન સેનીટેશન
સુવિધા ઉપરાંત અદ્યતન બૉર્ડ વગેરે પુરા પાડેલ છે અને પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે શૈક્ષણિક લાયકાત
ધરાવતો સ્ટાફ નિમેલ છે. તેમ જણાવીને તેમની અપીલ ગ્રાહ્ય રાખવા રજુઆત કરી હતી.સુનાવણી દરમ્યાન
તેઓએ રજુઆત કરી હતી કે તેઓને પ્રવેશ માટે અપેક્ષિતો તરફથી પૃચ્છાઓ મળેલી છે, તેઓ પર્યાપ્ત
ભૌતિક સુવિધાઓ ધરાવે છે.સુનાવણી દરમ્યાન તેઓએ શેડ્યુલ-એક ના પાલન માટે લેખિત બાંહેધરી રજુ
કરી હતી. ઉપરાંત મકાનના ફાયરસેફ્ટી અંગે અમદાવાદ મહાનગરપાલિકાનું પ્રમાણપત્ર અને મકાનનો

PODAR INTERNATIONAL SCHOOL
BEHIND VITTHAL COMPLEX, OPP. TRISHALA COMPLEX, NEW C. G. ROAD, CHANDKHEDA, AHMEDABAD 382424
PHONE NO. 079-23972894

11 June 2014

Principal
Podar International School
New C. G. Road, Chandkheda,
Ahmedabad.

નકશો રજુ કર્યો હતો. આમ તેઓ પર્યાપ્ત ભૌતિક સુવિધાઓ ધરાવે છે તેમ જણાવીને તેમની અપીલ મંજુર કરવા રજુઆત કરી હતી.

પ. સુનાવણી દરમ્યાન જે દસ્તાવેજો/વિગતો રજુ કરવામાં આવી તે વિગતો ધ્યાને લેતાં અને જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીના હુકમમાં સંસ્થાની દરખાસ્ત પરત્વે અંશતઃ મંજુરી આપવાના અને અન્ય વર્ગોની મંજુરી ન આપવા માટે કોઇ ત્રુટિઓ/કારણો જણાવવામાં આવેલ નથી તે બાબત ધ્યાને લેતાં વધુ કોઇ પુર્તતા સંસ્થાએ રજુ કરવાની રહે નહીં તેમ જણાય છે. આથી, સંસ્થાએ રજુ કરેલી વિગતો અને શેડ્યુલ-એક ના પાલન માટે રજુ કરેલી લેખિત બાંહેધરી વગેરે તમામ બાબત ધ્યાને લેતાં આ અપીલ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાયેલ છે. આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે:

**હુકમ:**

સંસ્થાની વિવાદ અરજી અને સુનાવણી દરમ્યાન રજુ થયેલી વિગતો ધ્યાને લેતાં સંસ્થાની અપીલ ગ્રાહ્ય રાખવામાં આવે છે તથા સંસ્થાને અંગ્રેજી માધ્યમ માં અનુદાન નહીં મેળવવાની શરતે, શેડ્યુલ-એક અને જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, ગાંધીનગર તરફથી ઠરાવવામાં આવે તે તમામ શરતો નું પાલન કરવાની શરતે ધોરણ-પ થી ધોરણ-૭ ના એક એક વર્ગ જુન-૨૦૧૦ થી શરૂ કરવા મંજુરી આપવામાં આવે છે. તથા આગળની આનુષાંગિક કાર્યવાહી કરવા જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, ગાંધીનગરને જણાવવામાં આવે છે.

(કે.આર.શુક્લ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ:

- શ્રી પોદાર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટસ ટ્રસ્ટ, રવાના મારફત:પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ, સોપાન હાઇટસની સામે, સ્પ્રીંગવેલી પાર્ટીહોલની સામે, ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા, જી.ગાંધીનગર (આર.પી.એ.ડી મારફત)
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.
- જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ.

PODAR INTERNATIONAL SCHOOL * BEHIND VITTHAL COMPLEX, OPP TRISHALA COMPLEX, NEW C. G ROAD, CHANDKHEDA, AHMEDABAD 382424 * PHONE NO.. 079-23972894

11 June 2011

Principal
Podar International School
New C. G. Road, Chandkheda,
Ahmedabad.

# અનુસુચિ–૧

મંજુર કરેલી માન્ય ખાનગી પ્રાથમિક શાળાએ નીચેની શરતો નું ગુણવતાપુર્વક પાલન કરવાનું રહેશે.આ શરતો પૈકી ની કોઈ પણ શરત નું પાલન કરવામાં નિષ્ફળ જતી શાળા ની મંજુરી કોઈપણ સમયે પાછી ખેંચી લઈ શકાશે.

1. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો ૧૯૯૪ ના સુધારેલા નિયમ ૧૦૬(ક) ના પેટાનિયમો (૪) અને (૭) ને આધીન રહી ને આ મંજુરી આપવામાં આવી છે.
2. શાળા ના કામકાજ નું નિયમન શિક્ષણ સમિતિ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતાં હુકમો/અનુદેશો મુજબ કરવાનું રહેશે.
3. અધ્યાપકીય સ્ટાફ ના પગારધોરણ,ભથ્થા ના દરો સરકાર વખતોવખત મંજુર કરે તે રાખવાના અને ચુકવવાના રહેશે.
4. શાળાએ વિદ્યાર્થીઓ પાસેથી લેવાની ફી ના દર જિલ્લા શિક્ષણાધિકારી પાસે મંજુર કરાવવાના રહેશે અને જિલ્લા શિક્ષણાધિકારી એ મંજુર કરેલ દરે જ વિદ્યાર્થીઓ પાસેથી ફી વસુલ કરવાની અને પહોંચ જરૂરી પાવતી પાવતી આપવાની રહેશે.
5. શાળા વિદ્યાર્થીઓ પાસેથી પ્રવેશ ફી,સત્ર ફી અને માસિક શિક્ષણ ફી સિવાય ની અન્ય કોઈપણ પ્રકારની ફી વસુલ કરી શકાશે નહિ.
6. શાળા ના નફાના હેતુથી ચલાવવામાં આવશે નહિ.શાળાકીય ઓડીટ હિસાબો નું પત્રક શાળા ના શૈક્ષણિક નિરીક્ષક નિરીક્ષણ કરી શકશે નહી.
7. શાળા નિભાવતા ટ્રસ્ટ કે મંડળ ના સંચાલક મંડળ વિદ્યાર્થીઓના માતા પિતા અથવા વાલીઓને પોતાની શાળા માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા સારૂ ટ્રસ્ટ કે મંડળ ને દાન અથવા લોન આપવા ફરજ પાડી શકશે નહીં અથવા ફરમાવી શકશે નહી.
8. શાળા નિભાવતા ટ્રસ્ટ કે મંડળ ના સંચાલક મંડળે અનુસૂચિત બેંક માં ખાતું ખોલાવવાનું રહેશે અને સ્ટાફ ના પુરાપગાર ની ચુકવણી આવા ખાતામાંથી એક પધ્ધતિ ધ્વારા કરવાની રહેશે.
9. શાળાએ, સરકારે મંજુર કરેલા અભ્યાસક્રમ અને વિષય સૂચિ અનુસરવાના રહેશે.સરકારે વખતોવખત મંજુર કરેલા અથવા ઠરાવેલા પાઠયપુસ્તકો નો ઉપયોગ કરવાનો રહેશે.મંજુર કરેલા પાઠયપુસ્તકો સિવાય ના સાહિત્ય નો ઉપયોગ અભ્યાસક્રમ ના માધ્યમ તરીકે કરી શકાશે નહિ.
10. શાળા ચલાવતા ટ્રસ્ટ કે મંડળ ના વ્યવસ્થાતંત્ર ની ફેરબદલી પૂર્વ પરવાનગી વિના કરી શકાશે નહિ.પુર્વ પરવાનગી સિવાય કરેલ ફેરફાર માન્ય ગણાશે નહિ તેમજ સદર શાળા ની મંજુરી આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.
11. શાળા શરૂ કરવા જે મકાન અને સ્થળે મંજુરી આપવામાં આવી હોય તે મકાન સ્થળમાં પુર્વ પરવાનગી સિવાય કોઈપણ પ્રકાર નો ફેરફાર કરી શકાશે નહિ.આવા કરાયેલ ફેરફાર ના કારણે અપાયેલ મંજુરી રદ થવાને પાત્ર રહેશે.
12. જે શૈક્ષણિક વર્ષમાં શાળા ને–વર્ગ ને મંજુરી આપવામાં આવી હોય તે જ વર્ષમાં શાળા શરૂ કરવાની રહેશે.મંજુરી મળ્યા ની પછીની છ માસ સુધી માં શાળા શરૂ કરવામાં નહી આવે તો અપાયેલ મંજુરી રદ ગણાશે.
13. મંજુર કરેલી શાળા માં અમાન્ય વર્ગ/ધોરણો નું સંચાલન કરી શકાશે નહિ.
14. શાળા ના અધ્યાપકીય સ્ટાફ શાળા ના કદ ને ધ્યાન માં લેતા પુરતા અને તાલીમી લાયકાતો ધરાવતા તાલીમી શિક્ષકો ની જ નિમણુંક કરવાની રહેશે.શિક્ષકો ની ભરતી મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો ૧૯૯૪ સાથે ના અનુસુચિ છ જોગવાઈઓ આધીન રહેશે.
15. શાળા માં વર્ગદીઠ વિદ્યાર્થીઓ પ્રવેશની સંખ્યા મુંબઈ પ્રાથમિક શિક્ષણ ના નિયમો–૧૯૯૪ ના સુધારેલ નિયમ ૧૦૬ (ક)(૭)(૩) પ્રમાણે રાખવાની રહેશે.
16. શાળાકીય વર્ગદીઠ માટે, શાળાકીય નિરીક્ષણ માટે જયારે જિલ્લા નગર શિક્ષણ સમિતિ/જિલ્લા શિક્ષણાધિકારી કે અન્ય અધિકૃત પ્રતિનિધિ,માહિતી વિગત માગે તે વિના વિલંબે અધિકૃત માહિતી પુરી પાડવાની રહેશે.
17. જયારે જયારે જરૂર પડે ત્યારે શાળાનું મકાન જાહેર પરીક્ષાઓ માટે કે જાહેર હિતાર્થે શાળા સંચાલકે ફાજલ કરી ઉપયોગ માટે આપવાનું રહેશે.
18. શાળાની માન્યતા સંદર્ભમાં,મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ની જોગવાઈ અનુસાર માન્ય ખાનગી પ્રાથમિક શાળા તરીકે મંજરુ કરતું પ્રમાણપત્ર આ સાથે સામેલ છે.
19. શિક્ષકો ની નવી નિમણુંક કરતી વખતે અન્ય ખાનગી પ્રાથમિક શાળા બંધ થવાને કારણે શાળા માં ધોરણ/વર્ગ ઘટાડા ના કારણે ફાજલ પડેલા તાલીમી શિક્ષકો ને અગ્રીમતા ના ધોરણ નિમણુંક આપવાની રહેશે.
20. ખાનગી પ્રાથમિક શાળા ચલાવતું ટ્રસ્ટ /મંડળ પોતાની શાળા અન્ય ટ્રસ્ટ મંડળ ને વેચી શકશે નહિ.
21. આ અગાઉ તમારી અરજી ની માન્યતા નકરવામાં આવી હોય અને સરકારશ્રી માં મંડળ/ટ્રસ્ટ ધ્વારા અપીલ નોંધાવવામાં આવી હોય તો તેના હકારત્મક નિર્ણય સામે આ પત્ર થી અપાયેલ મંજુરી સરભર કરવાનો રહેશે.
22. સંસ્થા આ કચેરી ના ઉકત નિર્ણય સામે અપીલ કરવા ઈચ્છે તો,મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ–૧૯૪૭ ની કલમ–૪૦–ક(૮) ની જોગવાઈ મુજબ નિર્ણયની કર્યા તારીખ થી એક માસમાં સચિવશ્રી,શિ.વિ.સચિવાલય,બ્લોક નં–૫/૭ મો માળ,ગાંધીનગરને રૂા.૫/– નો સ્ટેમ્પ લગાવેલી અરજીઓ સાથે અપીલ રજુ કરી શકશે.

11 June 2014

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત,ગાંધીનગર

PODAR INTERNATIONAL SCHOOL
BEHIND VITTHAL COMPLEX, OPP. TRISHALA COMPLEX, NEW C. G. ROAD, CHANDKHEDA, AHMEDABAD 382424
PHONE NO.. 079-23972894

Principal
Podar International School
New C. G. Road, Chandkheda,
Ahmedabad.